ગુજરાતમિત્ર
ભવિષ્ય દર્પણ

# વૃશ્ચિક (ન.ય.)



## મુકદ્દર ઉસીકા ચમકતા હૈ જમાને મેં
## જો જિંદગી બીતા દેતે હૈ મુકદ્દર બનાને મેં

### માનસિક સ્થિતિ :

મિત્રો,

સુખ-દુઃખ, સફળતા નિષ્ફળતા, હાર-જીત, ઉતાર-ચઢાવ, આ બધા જિંદગીના ક્રમ છે. એક પછી બીજું વારાફરતી આવતું જ રહે છે. આ ક્રમને લીધે જ આપણને જિંદગીમાં આગળ વધવા માટે ઘણું માર્ગદર્શન પણ મળે છે અને ઘણું શીખવાનું પણ મળે છે.

આપને ભૂતકાળમાં એવો અનુભવ હશે જ કે તમે ધંધામાં કે પર્સનલ તમારા કામમાં પ્રગતિ કરવા માટે અને સફળ થવા માટે ઘણા પ્રયત્નો કર્યા હશે છતાં તમારી અપેક્ષા પ્રમાણે પૂરી સફળતા નહીં મળી હોય કે સંતોષકારક પરિણામ નહીં મળ્યું હોય. તમે પ્રયત્નો કરવામાં કોઇ જ કસર નહીં છોડી હોય, કદાચ જરૂર કરતા વધારે મહેનત પણ કરી હશે છતાં કેટલાક સંજોગો જ એવા આવી ગયા હોય કે જે તમારી પ્રગતિમાં અવરોધ રૂપ બન્યા હોય. આ સંજોગો તમારી કાબુ બહારના સંજોગો હોય છે એટલે તમારી કોઇ પણ ભૂલ નહીં હોવા છતાં તમને સફળતા મળતી નથી.

આનાથી ઊલટું જીવનમાં ઘણીવાર એવું પણ બને છે કે ઓછી મહેનત કરવા છતાં તમને વધારે સારી સફળતા મળે છે. ઓછા પ્રયત્નો કરવા છતાં તમને કુદરતી રીતે સંજોગો જ એટલા બધા અનુકૂળ મળી રહે છે કે તમને ઓછા સમયમાં અને ઓછા પ્રયત્નો કરવાથી સારી સફળતા મળે છે. તમારો સ્વભાવ, તમારા પ્રયત્નો, તમારું પ્લાનીંગ, તમારી મહેનત બધુ હંમેશા એક સરખું જ હોય છે. છતાં સમય સમય પ્રમાણે એના પરિણામમાં ફેર હોય છે. ક્યારેક નિષ્ફળતા મળે છે તો ક્યારેક વધારે સફળતા મળે છે. ધંધામાં પણ આવું બનતું હોય છે અને અંગત જીવનમાં પણ બનતું હોય છે. આનો અર્થ એવો થાય કે માણસ બળવાન નથી પણ સમય બળવાન છે.

હવે અહીંથી તમારી વારતા શરૂ થાય છે.

બંધુ, આ વરસમાં આપના ગ્રહમાન સારાજ નહીં પણ ઘણાં સારા છે. છેલ્લા કેટલાક વરસોમાં તમે ઉતાર ચઢાવ જોયો હશે તો આ વરસમાં સ્થિરતા જોશો એટલું જ નહીં પણ તમારી અપેક્ષા કરતા વધારે સારી પ્રગતિ કરી શકશો અને વધારે સફળતા મેળવી શકશો. દરેક માણસને આર્થિક દૃષ્ટિએ સામાજિક દૃષ્ટિએ કે પછી સાર્વજનિક દૃષ્ટિએ ચોક્કસ લેવલ સુધી પહોંચવાના સપના હોય છે. આ વરસ દરમ્યાન તમે એ લેવલની નજીક નજીક તમારી જાતને ઉભેલી જોઇ શકશો.

આ લેવલ સુધી પહોંચવા માટે શક્ય છે કે તમે છેલ્લા પાંચ વરસથી, છેલ્લા દસ વરસથી, કે છેલ્લા વીસ વરસથી પ્રયત્નો કરતા હશો. તમારી મંઝીલ સુધી પહોંચવાના રસ્તામાં ઘણાં ઉતાર ચઢાવ આવ્યા હશે. સંજોગો પ્રતિકૂળ આવ્યા હશે, છતાં તમે દૃઢ મનોબળ રાખીને આગળ વધતા રહ્યા છો તેનું સારું પરિણામ તમને આ વરસમાં મળશે. જો કે આ એક બે વરસની મહેનતનું પરિણામ નથી પરંતુ વરસોની મહેનતનું પરિણામ છે. આ તમારા મનોબળનો વિજય છે. તમારી શ્રધ્ધાનો વિજય છે. તમારા સપનાઓને સાકાર કરવાનો સમય છે. છતાં આ સમય પણ કાયમ રહેવાનો નથી એ વાત યાદ રાખજો.

પછી શિષ્યએ પૂછ્યું : હે ગુરૂજીઃ એક સરખા પ્રયત્નો કરવા છતાં સફળતા ઓછી વધારે કેમ છે?

ગુરુજીએ કહ્યું : - વત્સ, એનું નામ જ નસીબ!

દરેક માણસે પૂરા પ્રયત્નો કરવા જોઇએ પણ એનું પરિણામ ભાગ્ય પર છોડી દેવું જોઇએ અને આશા નિરાશા બંનેથી મુક્ત રહેવું જોઇએ.

### આર્થિક-નાણાંકિય

નાણાંકિય દૃષ્ટિએ આપને માટે નવું વરસ એક્સ્ટ્રા ઓર્ડિનરી સારું છે. છેલ્લા બાર વરસમાં આ વરસે એક એવો સમય રિપીટ થાય છે કે તમારી અપેક્ષા કરતા પણ તમને વધારે આવક થાય. આર્થિક દૃષ્ટિએ તમને રાહત થઇ જાય એટલું જ નહીં પણ તમે સધ્ધર થઇ જાવ. આવક વધવાથી તમે કામકાજ ધંધામાં પ્રોપર્ટીમાં તેમજ પર્સનલ રોકાણ પણ કરી શકો. વરસ દરમ્યાન બે મોટા ખરચાઓ આવશે તેનું પ્લાનીંગ અગાઉથી કરી લેવું જરૂરી છે. બધી જ રીતે સંતોષકારક સમય છે. છતાં તમારે એક વાત યાદ રાખવી કે 'કેટલું દેવું કરવું એ તમારા હાથમાં છે પણ કેટલું કમાવવું એ તમારા હાથમાં નથી' કારણ કે વધારે પડતા ઉત્સાહમાં લાંબા ટૂંકા રોકાણો અને ખરચાઓ કરી નાંખીએ તો આજે આપણી પરિસ્થિતિ સધ્ધર હોય પણ કાલે અધ્ધર થઇ જાય!

### ધંધો વ્યવસાય નોકરી

જો કામકાજ ધંધામાં અત્યારે આપને થોડું ઓગણીસ વીસ ચાલતું હોય તો આ વરસના પહેલા ત્રણ મહિનામાં બધું રેગ્યુલર થઇ જાય. ત્યાર પછીના ત્રણ મહિના ધંધા માટે પ્રગતિકારક સમય છે. આ સમય દરમ્યાન આપનું કામકાજ વધે. ધંધો વધે, આવક વધે પરંતુ મહેનત વધારે કરવી પડે અને આવક વધે છતાં બચત થાય નહીં. વરસના ત્રીજા ત્રણ મહિનાના ક્વાર્ટરમાં ધંધો પણ સંતોષકારક ચાલ્યા કરે અને આવક પણ વધવાથી બચત થઇ શકે એટલે તમે કામકાજ ધંધામાં ડેવલપમેન્ટ એક્સ્પાન્શનનું પ્લાનીંગ કરી શકો. છેલ્લા ત્રણ મહિનામાં ડેવલપમેન્ટ પછીનું બધું બરાબર સેટ કરો એટલે વરસના અંતમાં તમારું એક મોટું સામ્રાજ્ય ઊભું થઇ જાય!

નોકરી કરવાવાળાને માટે પણ આ વરસનો સમય ઘણો જ સારો અને સંતોષકારક છે. નોકરીમાં કામનું વાતાવરણ અનુકૂળ રહેશે. સ્ટાફના સભ્યોનો સાથ સહકાર સારો મળશે. ઉપરી અધિકારીઓની મહેરબાની રહેશે. ઇન્ક્રીમેન્ટ પણ સારું મળશે. કોઇ આકસ્મિક લાભ પણ થાય એટલે આવક વધે. આપનું પ્રમોશન ડ્યૂ હોય તો મળી જાય, પરંતુ એમાં સ્થળાન્તર થવાની શક્યતા છે.

### જમીન મકાન - પ્રોપર્ટી

મકાન મિલ્કતમાં રોકાણ કરવા માટે આ વરસનો સમય તો સારો છે પરંતુ આવું રોકાણ અનિવાર્ય હોય તો જ કરવાનું સલાહ ભરેલું છે. કારણ બિનજરૂરી રોકાણ થઇ જવાની શક્યતા છે. ઉપરાંત આવું રોકાણ કર્યા પછી એ મિલ્કત તમે વાપરી નહીં શકો એવું બને. બાપ દાદાની મિલ્કતમાંથી કંઇ મળવાનું હોય તો એમાં થોડો વિલંબ થાય. જો કે કોઇ જુની પ્રોપર્ટી વેચવાની હોય તો એમાંથી લાભ થાય. નવું વાહન ચોક્કસ લઇ શકાય.

### લગ્ન અને દાંમ્પત્યજીવનઃ

જેમની ઉંમર લગ્નને લાયક થઇ ગઇ છે તેમને આ વરસમાં પોતાની પસંદગીનું પાત્ર મળી જાય અને બંધનયોગ ચાલુ થઇ જાય લવ મેરેજ કરવાની ઇચ્છા હોય તો પણ ચાહોમ કરીને પડો ફતેહ છે આગે!

દાંમ્પત્ય જીવનને માટે એટલે કે જેમના લગ્ન થઇ ગયા છે તેમને પોતાના પાર્ટનરને ખુશ રાખવા માટે આ વરસનો સમય સારો છે. જો અત્યાર સુધી તમે તમારી લાગણી પ્રદર્શિત નહીં કરી શકતા હોય તો હવે એક્ટીંગ કરતા આવડી જશે. તમારો તમારા પાર્ટનર માટેનો પ્રેમ પણ વધી જશે. કારણ કે અત્યાર સુધી તમે ધંધાના, પૈસાના, વિગેરે ટેન્શનમાં રહેતા હતા એટલે પ્રેમ બતાવવાનો સમય જ નહીં મળતો હતો. હવે તમારું મગજ ફ્રી થઇ ગયું હશે એટલે એમ થાય કે ઘરમાં પણ થોડું ધ્યાન આપીએ! તમારા પાર્ટનર તરફથી પણ તમને ઘોઘમાર સાથ સહકાર મળતો રહેશે. જો કે એમને કોઇ એવી ઇચ્છા હોય કે જેમાં મોટો ખરચો કરવો પડે એવું હોય તો પણ એક વખત તો કરી જ નાંખવો, પછી દેખા જાયેગા! હવે આ બધું તો પત્યું, પણ આ વરસમાં તમારા પાર્ટનર તરફથી થોડું ટેન્શન થઇ શકે. એમને પનોતી ચાલતી હોય તો ટેન્શન ડબલ થાય! યે દિન ભી ચલે જાયેંગે!

### સંતાનઃ

જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય અથવા જેમને આ કામમાં વિલંબ થતો હોય એમને આ વરસમાં સારા સમાચાર મળે. જેમના સંતાનો મોટા છે એ જો અભ્યાસ કરતા હોય તો તેમા પ્રગતિ થાય. સંતાનોના લગ્ન બાકી હોય તો આ વરસમાં લગ્ન થઇ જાય. એમના કામકાજ ધંધામાં ટેન્શન હોય તો પૂરું થઇ જાય. આ ઉપરાંત સંતાનો તરફથી કોઇ વિશેષ સારા સમાચાર મળે. એવા સમાચાર મળે જેમા ટેન્શન અને આનંદ બંને હોય!

### અભ્યાસઃ

મિત્રો, અભ્યાસને માટે આ વરસનો સમય ઘણો જ સારો છે. તમે અભ્યાસમાં થોડા સિરિયસ થઇ જશો તો તમારી અપેક્ષા કરતા પણ વધારે સારું પરિણામ મેળવી શકશો. અભ્યાસમાં તમારો આત્મવિશ્વાસ પણ વધે. સારા માર્કસથી પાસ થવાની પ્રેરણા પણ મળતી રહેશે. તમને વાતાવરણ પણ અનુકૂળ મળી રહેશે. બારમાં ધોરણ પછી કે ગ્રેજ્યુએશન પછી આગળના અભ્યાસ માટે પણ તમારી પસંદગીની લાઇનમાં જઇ શકાય. વધુ અભ્યાસ અર્થે પરદેશ જવું હોય તો પણ તમારી ઇચ્છા પૂરી થાય.

### પ્રવાસઃ

મુસાફરી પ્રવાસની બાબતમાં પણ ગ્રહમાન અનુકૂળ છે. વરસમાં બે પ્રવાસ મિનિમમ થાય. એમાં એક પ્રવાસ આનંદ પ્રમોદને માટે થાય. સાથે સાથે કોઇ નજીકના ધાર્મિક સ્થળની મુલાકાત પણ થાય અને દેવદર્શનનો લાભ મળે. બીજા પ્રવાસમાં કોઇ હિલ સ્ટેશન પર જવાય અથવા મિત્ર મંડળ સાથે જવાની શક્યતા છે. પ્રવાસ મુસાફરીમાં સમગ્ર પ્રવાસ દરમ્યાન પાછા ઘરે આવો ત્યાં સુધી નશો કરવો નહીં જો તમારા સમય, સંજોગો સાથે એડજસ્ટમેન્ટ કરી શકો તો પરદેશની મુસાફરી પણ થઇ શકે.

### મિત્ર-શત્રુ

વરસ દરમ્યાન આપનું મિત્ર મંડળ મોટું થાય. મિત્રોની સંખ્યા વધે. ધંધાકીય સંબંધોમાં કે સામાજિક સંબંધોમાંથી પણ કેટલાક માણસો સાથે મિત્રતા થાય. એકાદ બે મોટી હસ્તીની પણ ઓળખાણ થાય. પુરુષોએ સ્ત્રી મિત્રોને બહુ છંછેડવા નહીં. એમાં દાળ ગળે એવું નથી! શત્રુ જેવું ખાસ કોઇ છે નહીં, પરંતુ જો તમે કોઇનું અપમાન કરશો તો એ માણસ તમારો શત્રુ થઇ જાય અને ભવિષ્યમાં તમને ભારે પડે.

### કોર્ટ કચેરી

કોર્ટ કચેરી કે કોઇપણ ગર્વમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી આ વરસમાં કોઇ ટેન્શન કે પરેશાની થાય એવું નથી. ઇન્કમટેક્ષ જી. એસ.ટી. કે એક્ઝાઇઝ કસ્ટમ ખાતાઓ તરફથી પણ કોઇ ટેન્શન થાય એવું નથી. જો કે કોઇ સંબંધીના કામ અંગે કે બીજાના કામ અંગે પોલિસ ડિપાર્ટમેન્ટના સાહેબોને મળવાનું થાય. કોઇના સાક્ષી જામીન થવા માટે પણ આ ખાતાની મુલાકાત લેવી પડે.

### તંદુરસ્તી

તબિયતની બાબતમાં આપનું અડધું વરસ સારું જાય અને બાકીનું અડધું વરસ ખરાબ જાય. વરસના શરૂઆતના છ મહિનામાં ખાસ કોઇ સિરિયસ ટેન્શન થાય એવું નથી પરંતુ છેલ્લા છ મહિના દરમ્યાન તબિયતમાં બે વખત ફરિયાદ રહેશે તેમાં એક વખત થોડી મોટી અને ચિંતાજનક ફરિયાદ રહેશે. કોઇ લાંબા ગાળાની તકલીફ થાય એવું બને. વ્યવસ્થિત આરામ કરવો પડે. આંખને લગતી કે દાંતને લગતી નાની નાની તકલીફ થઇ શકે. તમારા નજીકના સંબંધીમાં કોઇ હરતા ફરતા ઉકલી જાય એવું બને. જો દારૂના કે તમાકુના સેવનની આદત હોય તો તાત્કાલિક બંધ કરવાની જરૂર છે. આ આદત બંધ કરશો તો તમને ટેન્શન જરૂર થશે. પણ નહીં બંધ કરો તો બીજા ને ટેન્શન થશે!

આ વરસમાં કોઇ નજીકના સગા સંબંધી સાથે મતભેદ મનદુઃખ થાય અને સંબંધમાં અંતર પડી જાય એવું બને.